# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH IN GUJARAT NAVRATRI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, મહાત્મા ગાંધી પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતાને લોક ચળવળ બનાવી અને લોકોમાં સ્વચ્છતાની સંસ્કૃતિ કેળવવામાં ઘણું યોગદાન આપ્યું.

શ્રી શાહ અમદાવાદ ખાતે 470 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ બાદ સભાને સંબોધિત કરી રહ્યા હતા.

(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

આ પૂર્વે તેમણે પોતાના સંસદીય મત વિસ્તાર ગાંધીનગરમાં વિવિધ યોજનાઓ તેમજ સોલામાં GMERS હૉસ્પિટલમાં નવનિર્મિત ટેલિ રિહેબિલિટેશન સેન્ટર સહિત વિવિધ  પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું.

કેન્દ્રીય મંત્રી બપોર બાદ સાણંદ નજીક ‘કાર્યકર્તા સંમેલન’માં ભાજપ કાર્યકર્તાઓને સંબોધન કરશે. તેઓ શાહીબાગમાં અમદાવાદ કમિશ્નરની નવી બનેલી ઑફિસ ઇમારતનું ઉદ્ઘટન કરશે. ત્યાર બાદ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવની શરૂઆત કરશે. ઉપરાંત અમદાવાદમાં નવરાત્રીના ત્રણ કાર્યક્રમોમાં પણ હાજરી આપશે.

શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એડીસી બેન્કની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી કરવાના સમારોહનું ઉદ્દઘાટન કરશે. આ ઉપરાંત તેઓ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહુર્ત અને લોકાર્પણ કરશે અને સાંજે બહુચરાજી માતાજીના મંદિરે દર્શન તેમજ આરતીમાં ભાગ લેશે.

-------------------

## NAVRATRI - DISTRICT

નવરાત્રિ પ્રસંગે ભક્તોનાં ધસારાને ધ્યાનમાં લઈને રાજ્યના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી, પાવાગઢ અને ચોટીલા મંદિર ખાતે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

પાવાગઢ મંદિર ટ્રસ્ટે મહાકાળી મંદિર વહેલું ખોલવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, નવરાત્રી ના પ્રથમ દિવસે, રવિવાર, આઠમ અને દસમા નોરતે સવારે 4:00 વાગે રોપ-વે શરૂ થશે. માચી અને દુધિયા તળાવ આસપાસ સફાઈ અને વીજળીની વ્યવસ્થા માટે પણ તાલુકા વહીવટી તંત્રને સૂચનાઓ આપી છે એમ પંચમહાલ જિલ્લા કલેકટર આશિષ કુમારે જણાવ્યું હતું. ગઈકાલે રાત્રે મહાકાળીધામ પાવાગઢ ખાતે દોઢ લાખથી વધુ માઇ ભક્તો ઉમટી પડ્યા હતા. દરમિયાન પંચમહાલ જિલ્લાનાં શેરી અને જાહેર ગરબા આયોજકોએ વરસાદની અનિશ્ચિતતા વચ્ચે તૈયારીઓ પૂર્ણ કરી છે. ગોધરામાં પોલીસ હેડક્વાર્ટર ખાતે આ વખતે પણ વિશાળ આયોજન કરવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગર જીલ્લાનાં યાત્રાધામ ચોટીલામાં નવરાત્રિના નવ દિવસ સુધી ડુંગરના પગથિયાંના દ્વાર સવારે સાડા ચાર વાગ્યે ખુલશે. આરતી સવારે પાંચ વાગ્યે થશે. તારીખ ૧૦ મી ઓક્ટોબરના રોજ હવનાષ્ટમી નિમિત્તે ડુંગર પર હવન યોજાશે. સાંજે ચાર વાગ્યે બીડું હોમાશે. હવનાષ્ટમી સિવાયના આઠ નોરતા દરમ્યાન ભોજન પ્રસાદનો સમય

બપોરે ૧૧ થી ૧૨ નો રહેશે, જ્યારે હવનાષ્ટમીના દિવસે બીડું હોમાયા બાદ ભોજન પ્રસાદનો સમય સાંજે ૪ વાગ્યાનો રહશે

---------------

## GIRNAR ELECTRICITY

ગુજરાત સરકારના ઉર્જા વિભાગે આજે નવરાત્રીના પ્રારંભમાં જ જૂનાગઢના ગિરનાર પર્વત પર વીજ પુરવઠો પહોંચાડ્યો હતો. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના કર્મચારીઓએ 11 KVAની લાઈન ગિરનાર પર પસાર કરીને સાડા પાંચ હજાર પગથિયે વીજ પુરવઠો શરૂ કર્યો છે.

આજે નવરાત્રિના પ્રથમ નોરતે રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ આ સેવાનું લોકાર્પણ કર્યું હતું.

અંબાજીના મહંત તનસુખગીરી બાપુએ કહ્યું કે ગિરનાર ઉપર વીજપુરવઠો આવી જવાથી હવે અંબાજી મંદિર સહિતના તમામ ધર્મસ્થાનોમાં નિયમિત રીતે વીજ સેવા પ્રાપ્ત થશે અને યાત્રિકોને સારી સુવિધા મળી શકશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે વીજપુરવઠો મળવાથી ગિરનાર ઉપર પાણીની સમસ્યા દૂર થઈ શકશે. ઉર્જા મંત્રીએ રોપ વે ની સફર કરીને મા અંબાના દર્શન કર્યા હતા.

-----------------------------------

## DAHOD RAPE CASE CHARGESHEET

દાહોદમાં સગીરા સાથેના દુષ્કર્મ  કેસમાં વિક્રમી 12 દિવસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

આ વિશે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ગુજરાત પોલીસે પુરાવાઓ મેળવીને આરોપીને કડકમાં કડક સજા થાય તેવી મજબૂત ચાર્જશીટ દાખલ કરી છે. કુલ 1700 પાનાની આ ચાર્જશીટમાં 150 જેટલા સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે. વધુમાં શ્રી સંઘવીએ જણાવ્યું કે આ સમગ્ર કેસમાં પી. પી. અમિત નાયરની નિમણૂંક કરવામાં આવી છે.

-------------------

## Geer foundation Indroda

ગાંધીનગર ખાતે ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પાર્કમાં આજે ગીરનાં જંગલમાંથી સિંહની એક જોડી લાવવામાં આવી છે. વન મંત્રી મુળુભાઇ બેરાએ સિંહની જોડીને ખુલી મૂકી હતી. મુલાકાતીઓ આજથી વસંત નામનો સિંહ અને સ્વાતિ નામની સિંહણને જોઈ શકશે. ઈન્દ્રોડા પાર્કમાં રહેલી સિંહની જોડીનું મૃત્યુ થતાં નવી જોડી લાવવામાં આવી હતી.

દરમિયાન, ગીર જંગલ વિસ્તારને ઇકો સેન્સિટિવ ઝોન અંગે શ્રી બેરાએ જણાવ્યું કે, અત્યાર સુધી દસ કિલોમીટરનો વિસ્તાર હતો, પણ નવા ઇકો-સેન્સ્ટિવ ઝોનમાં વિસ્તાર ઘટ્યો છે. વન્ય પ્રાણીઓ અને લોકોને મુશ્કેલી ન પડે તે માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવી હતી. અને આગામી 60 દિવસ સુધી તમામ પક્ષકારોની રજૂઆતો સાંભળવામાં આવશે.

----------

## Kutch Airport Mock Drill

કચ્છના દીનદયાળ પોર્ટ ખાતે પોલીસ, સીઆઈએસએફ, એસઓજી, મરીન ટાસ્ક ફોર્સ, ઇન્ટેલિજન્સ યુનિટ્સ અને ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા સંયુક્ત રીતે  મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂર્વ આયોજન પ્રમાણે દરિયાઈ માર્ગે ખાડીમાંથી આતંકવાદીઓએ કંડલા પોર્ટમાં ઘૂસવા માટે એક બોટને બંધક બનાવી હતી. ક્રિકમાં શંકાસ્પદ એક્ટિવિટી જોતા જ સીઆરપીએફનું પેટ્રોલિંગ યુનિટ સક્રિય થયું હતું.

આતંકવાદીઓ ફાયરિંગ કરતાં કરતાં કંડલા પોર્ટની ફ્લોટીંગ જેટી થઈને આસિસ્ટન્ટ ટ્રાફિક મેનેજર ઓફિસ બિલ્ડિંગમાં ઘૂસી ગયા હતા. આ દરમિયાન અથડામણ થતાં સીઆરપીએફની ક્વિક રિસ્પોન્સ ટીમે એક આતંકવાદીને ઠાર કર્યો હતો.

------------------------